AHMEDABAD, WEDNESDAY, FEBRUARY 20, 2019 | VOL.NO-4, ISSUE NO-6 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-
RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

MONTHLY NEWS PAPER


From, The Open Page, 4th Floor Vishwa Arcade, Opp. Kum-Kum Party Plot, Nr. Akhbarnagar, Nava Wadaj, Ahmedabad - 380013 | Ph : 079-27621385/86

## શ્રદ્ધાંજલિ

કશ્મીરના પુલવામા આતંકવાદી હમલામાં શહીદ થયેલા વીર સપૂતોને 'ધી ઓપન પેજ' પરિવાર શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.




## આ અંકમાં શું વાંચશો?



**રાજકીય કુવાનો વિવાહ!**

એક વાર રાજા કૃષ્ણદેવ રાય અને તેનાલીરામ વચ્ચે કોઈ વાતે વિવાદ થઈ ગયો. તેનાલીરામ રિસાઈને ચાલ્યા ગયા. આઠ-દસ દિવસ વિતી ગયા. પેજ ૪-૫



**મોરારજીભાઇ દેસાઇ: માણસ જેનાથી કેળવાય તે કેળવણી**

આજે કેળવણીક્ષેત્રે જે ઉણપો વરતાઈ રહી છે. તે આપણામાં તો નથી ને? તે આપણે જોતાં રહેવાનું છે. 'જેનાથી માણસ કેળવાય તેનું નામ કેળવણી. માનવી પોતાની શક્તિઓને વ્યવસ્થિત રીતે જ્યાં સુધી કેળવે નહિ ત્યાં સુધી તે શક્તિનો દુરુપયોગ કરે છે. પેજ ૬

**સુધારો**



**સંગીતના સૂરોની સાધના - આરાધના...**

આ લેખના લેખક શ્રી ખોડાભાઇ પટેલ (ધર્મેશ) આચાર્ય, નાની કડી.

## પબજી પર પ્રતિબંધ

# જરૂરિયાત કે અનિચ્છનીય નિર્ણય?



**જયવંત પંડ્યા**
વરિષ્ઠ પત્રકાર અને કોલમિસ્ટ

પબજી મોબાઈલ હાલમાં ભારતમાં ખૂબ લોકપ્રિય રમતો પૈકીની એક છે. પરંતુ તેના સંદર્ભે પ્રશ્ન એ છે કે તેના પર પ્રતિબંધ મૂકાવો જોઈએ કે નહીં. તે વ્યસન બની જતી હોવાથી તે અત્યારે સર્વેનું ધ્યાન ખેંચી લે છે. અને આથી જ ડાહ્યા લોકો તેનાથી ચિંતિત બન્યા છે. વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'પરીક્ષા પે ચર્ચા' કાર્યક્રમમાં એક માતાએ તેમના દીકરાને ઑનલાઇન ગેમના વ્યસન બાબતના સવાલના જવાબમાં પૂછ્યું હતું, "પબજીવાલા હૈ ક્યા?" પબજી આખરે છે શું?પ્લેયર અનનૉવ્ન્સ બેટલગ્રાઉન્ડ્સ ગેમ પબજી તરીકે જાણીતી છે.

પબજી મોબાઈલે ભારતમાં તોફાન મચાવ્યું છે. આ ગેમ ટેન્સેન્ટ દ્વારા પીસીથી એન્ડ્રૉઇડ અને આઈઓએસ ડિવાઈસ પર લાવવામાં આવી છે. તેને ડિસેમ્બર ૨૦૧૭માં રજૂ કરાયા પછી અત્યાર સુધીમાં પાંચ કરોડ કરતાં પણ વધુ વાર ડાઉનલૉડ કરવામાં આવી છે. રમતની લોકપ્રિયતા અત્યંત છે. તમે દિવસના કોઈ પણ સમયે ક્યાંય પણ ૧૫-૨૦ લોકોને ઑનલાઇન (આ ગેમ રમતા) જોશો જ. અરે, મોડી રાત્રે પણ રમતા હોય છે. આમાં રમત આવી છે. તમે ૧૦૦ પૈકીના એક છો જેને એક ટાપુ પર પેરેશ્યૂટથી ઉતારવામાં આવે છે. ટાપુ પર શસ્ત્રો અને અન્ય ઉપકરણો પડ્યાં છે એક વાર તમે ઉતર્યા પછી તમારે હથિયારો લઈને દરેકને મારી નાખવાનો છે જેથી છેલ્લે તમે જ બચો. આ રમત એકલા પણ રમી શકાય છે, બે ખેલાડીઓ સાથે પણ રમી શકાય છે અને ચાર સભ્યોની ટુકડી બનાવીને પણ રમી શકાય છે.

આથી, ગુજરાત સરકારે ગત ૨૨ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ એક પરિપત્ર બહાર પાડ્યો જેમાં જિલ્લા અધિકારીઓને જણાવ્યું કે પબજી રમત પર પ્રતિબંધ મૂકવામાં આવે. આ નિર્ણયને સમયસરનો અને ડાહ્યો ગણવામાં આવે છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણ વિભાગનો પરિપત્ર ગુજરાત રાજ્યના બાળ અધિકાર સુરક્ષા આયોગની ભલામણ પછી બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્ર આવ્યો તેના થોડા દિવસ પહેલાં જ જમ્મુ અને કાશ્મીરમાં વિદ્યાર્થીઓની એક સંસ્થાએ રાજ્યમાં પબજી મોબાઈલ પર પ્રતિબંધની માગણી કરી હતી. તેણે કહ્યું હતું કે તેના લીધે પરીક્ષાનું પરિણામ ખરાબ આવે છે. તો રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગે પણ દેશભરમાં આ રમત પર પ્રતિબંધ મૂકવા માગણી કરી છે. આયોગે પબજી પર પ્રતિબંધ મૂકવા તમામ રાજ્ય સરકારોને પત્રો લખ્યા છે.

ગુજરાત સરકારના પરિપત્રે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પ્રાથમિક શાળાઓમાં પબજી પર પ્રતિબંધ મૂકવા માટે જરૂરી પગલાં લેવા કહ્યું છે. એમ કહેવાય છે કે જે રીતે બાળકો આ રમતના વ્યસની બની રહ્યા હતા તે સંદર્ભે પ્રતિબંધ જરૂરી બની ગયો હતો. તેનાથી બાળકોના અભ્યાસને બહુ મોટી અસર પડી રહી હતી. આથી, પબજી રમત પર પ્રતિબંધ મૂકવા સંદર્ભે ચર્ચા અને વિવાદ શરૂ થઈ ગયા. પ્રશ્ન એ છે કે આ પ્રતિબંધ શા માટે જરૂરી છે અને માતાપિતાએ શા માટે તેનાથી ચિંતિત બનવું જોઈએ?

'હિન્દુસ્તાન ટાઇમ્સે' ઑગસ્ટ ૨૦૧૮ના તેના એક અહેવાલમાં જણાવ્યું હતું કે ૧૫ વર્ષનો એક કિશોર પબજીના વળગણના લીધે સારવાર હેઠળ છે. આ છોકરો મોડી રાત સુધી ગેમ રમતો હતો અને તેણે સ્કૂલે જવામાં ખાડા કરવા માંડ્યા. ઑનલાઇન તો તેના દસ હજાર મિત્રો હતા પરંતુ વાસ્તવિક દુનિયામાં ગણ્યાગાંઠ્યા જ હતા. પરંતુ છોકરો આ સમજતો નહોતો અને એટલે જ સમસ્યા વકરવા લાગી. બીજા એક કિસ્સામાં જમ્મુના એક ફિટનેસ ટ્રૅનરે ૧૦ દિવસ આ ગેમ રમ્યા પછી તેનું માનસિક સંતુલન ગુમાવી દીધું. એક અહેવાલ પ્રમાણે, તેણે પોતાની જાતને હાનિ પહોંચાડવાનું શરૂ કરી દીધું અને છેવટે તેને ઈજાના કારણે હૉસ્પિટલમાં દાખલ થવું પડ્યું. આનું કારણ પબજી ગેમ જ હતી. જમ્મુમાં આવો આ પહેલો કિસ્સો નહોતો. છઠ્ઠો કેસ હતો.

વિશ્વ આરોગ્ય સંસ્થા (હૂ)એ આ રમતને રોગોના આંતરરાષ્ટ્રીય વર્ગીકરણમાં એક ડિસઑર્ડર તરીકે ઓળખી છે. તેનાં લક્ષણો ખરેખર તો ઘણાં સામાન્ય છે; બીજી બધી પ્રવૃત્તિઓ કરતાં આ ગેમ રમવાનું જ મન થયા કરે અને ખરાબ પરિણામો છતાં ગેમ છૂટે નહીં. ઉપર જણાવેલો ૧૫ વર્ષનો કિશોર દસમા ધોરણમાં ભણતો હતો. તેનામાં આ લક્ષણો હતાં.

યુકેના સમાચારપત્ર 'ઇન્ડિપેન્ડન્ટ'માં ૨૦૧૮માં પ્રસિદ્ધ એક અહેવાલ મુજબ, એક વ્યસન ચિકિત્સકે કહ્યું કે "તમારા બાળકના હાથમાં તમે સ્માર્ટ ફૉન આપો છો તે એક ગ્રામ કૉકેઇન આપવા બરાબર જ છે." શરૂઆતમાં સ્નેપચેટ અને ઇન્સ્ટાગ્રામ પર સમય વિતાવવો એ ડ્રગ્ઝ અને દારૂ પીવા જેવું વ્યસન મનાતું હતું. ચિકિત્સકો માતાપિતાઓને અને શાળાના શિક્ષકોને પણ આ વ્યસનમાંથી બાળકોને મુક્ત કરવા પ્રોત્સાહિત કરતા હતા.

જોકે એવું નથી કે વડીલો જ બાળકોની ચિંતા કરે છે. આજનાં ઘણાં બાળકો પોતે જ સમજદાર છે. તેમને પણ તેમના આરોગ્ય પર શેની અસર સારી થાય કે ખરાબ થાય તેની ખબર છે. મુંબઈનો અહાદ નિઝામ નામનો બાળક હજુ છે તો ૧૧ વર્ષનો જ. પરંતુ તેણે નક્કી કર્યું છે કે આ રમત પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકાવો જોઈએ. આ બાળકે મહારાષ્ટ્રના મુખ્યપ્રધાન શ્રી દેવેન્દ્ર ફડનવીસ, કેન્દ્રીય ઇલેક્ટ્રૉનિક્સ અને આઈ.ટી. પ્રધાન શ્રી રવિશંકર પ્રસાદ તેમજ મહારાષ્ટ્રના શિક્ષણ પ્રધાન શ્રી વિનોદ તાવડે સહિતના લોકોને પત્ર લખી પબજી પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવા માગણી કરી છે.

આ બાળકે લખ્યું છે કે પબજી હિંસા, હત્યા, આક્રમકતા, લૂટફાટ અને ઑનલાઇન એકબીજાને ચિડવવા જેવી કુવૃત્તિને પ્રોત્સાહન આપે છે. અહાદે આ માટે મુંબઈ ઉચ્ચ ન્યાયાલયમાં જાહેર હિતની અરજી પણ કરી છે. તેના પત્રમાં તે કહે છે, "જો રમત પર પ્રતિબંધ નહીં મૂકાય તો મને યોગ્ય કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે જેનો ખર્ચ અને પરિણામો તમારે ભોગવવાં પડશે."

સામાન્ય રીતે આપણે વ્યસન એટલે દારૂ પીવો, સિગરેટ પીવી, જુગાર રમવો એમ જ સમજીએ છીએ. ના, હવે તમારે તેની બહોળી વ્યાખ્યા કરવી પડશે. કોઈ પણ ચીજનો અતિરેક એ વ્યસન છે. વ્યસન અનેક ચીજોનું હોઈ શકે છે. વ્યસન એટલે વર્તન-સ્વભાવમાં આવતો ફેરફાર જે કોઈ પ્રવૃત્તિ સાથે ખૂબ જ ગાઢ રીતે જોડાઈ જવાથી થાય છે. પછી તે રમત હોય, ડ્રગ્ઝ લેવાથી હોય કે સૉશિયલ મિડિયા પર સતત રહેવાથી હોય. સૉશિયલ મિડિયા પણ બહુ મોટું વ્યસન છે. સૉશિયલ મિડિયાના વપરાશકર્તાઓએ જણાવ્યું છે કે તેઓ સ્ટેટસ, ફોટો અને વિડિયો મૂકે પછી તેમને સ્ટ્રેસ એટલે કે તણાવની લાગણી થાય છે. કેટલી લાઇક આવી, શું કૉમેન્ટ આવી વગેરે જાણવાની સતત ઉત્સુકતા રહે છે. પબજી જેવી રમત તમને ગેમ ગૂડીઝના રૂપમાં ઈનામો આપે છે જેનાથી તમે વધુ રમવા લલચાવ છો. શરૂઆતમાં તમને બૉક્સરની જોડી મળે છે અને તમે વધુ રમો તેમ વધુ ને વધુ મળતું જાય છે. તમારું પ્રભુત્વ બતાવવા તમામ ખેલાડીઓ દ્વારા વપરાતી એવી આ રમતની અન્ય ચીજોને તમે તમારી પસંદ મુજબની કરી શકો છો. ઉપરાંત, વધુ ને વધુ નેટિઝન હવે શારીરિત નિકટતાના બદલે ઑનલાઇન વિશ્વમાંથી સેક્સ્યુઅલ તૃપ્તિ મેળવવા લાગ્યા છે.



**અનુસંધાન પાના નં.૬**

# લક્ષ્મણ જ્ઞાનપીઠ પ્રાઇમરી સ્કૂલ દ્વારા સાંસ્કૃતિક 'બાલસૃષ્ટિ' પ્રોગ્રામનું આયોજન










લક્ષ્મણ જ્ઞાનપીઠ પ્રાઇમરી સ્કૂલ દ્વારા સાંસ્કૃતિક 'બાલસૃષ્ટિ' પ્રોગ્રામનું આયોજન કરાયું જેમાં આ બાલસૃષ્ટિમાં મુખ્ય મહેમાન મા. શ્રી લતાબેન હિરાણી (કવયિત્રી, લેખિકા) અને વિશેષ આમંત્રિત તરીકે શ્રી કૃષ્ણ દવે (બાળકાવ્ય લેખક) શ્રી હર્ષદભાઇ શાહ તથા સૌ ટ્રસ્ટી ગણ, ઉપસ્થિત રહ્યા હતા આ કાર્યક્રમમાં ધોરણ ૧થી ૫ ના વિદ્યાર્થીઓના ફ્લ્યુટબેન્ડની સુંદર રજૂઆત દ્વારા કરવામાં આવી. વિવિધ રચનાઓથી સભર અને સુંદર વંશી વાદન થી સમગ્ર વાતાવરણ ગુંજી ઊઠ્યું ત્યારબાદ દીપપ્રજવલન થયું જેમાં શિશુ-રના વિધારીથીઓ દ્વારા દીપ જ્યોતિમંત્રનું ગાન થયું. તેમજ બહોળી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# સંસ્કારધામ સ્કૂલમાં ગણતંત્ર દિવસની ઉજવણી કરાઇ



આજે ભારતના ૭૦માં ગણતંત્ર દિવસને સંસ્કારધામ સ્કૂલમાં ઉજવણી કરાઈ હતી. આ દિવસે અતિથિ તરીકે શ્રીમતી રાધાબેન પરમાર, ડો. આર.કે. શાહ એકેડેમિક ડિરેક્ટર તથા સ્કૂલના પ્રિન્સિપલ્સ દ્વારા રાષ્ટ્રીય ગીત અને ગાયક જૂથ દ્વારા સલામી આપવામાં આવી હતી. જેમાં રાધાબહેને વિદ્યાર્થીઓને ભાષણમાં કહ્યું હતું જીવનમાં ધ્યેયો સિદ્ધ કરવા માટે સમર્પણ અને નિષ્ઠાપૂર્વક કામ કરવા માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય, સ્કેટીંગ, વાંસળીવાદ જિમ્નેસ્ટિક અને પિરામિડ જેવા પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. આ સમારોહ રાષ્ટ્રીય ગીત, વંદેમાતરમના ગાન સાથે સમાપ્ત થયો હતો.





## બાલક્રિષ્ના વિદ્યાપીઠ-રાજુલાના વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવાસનું આયોજન



વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ સહ અભ્યાસિક પ્રવૃત્તિ સાથે શિક્ષણ અને આનંદ બન્નેના સમન્વય દ્વારા વિદ્યાર્થીઓમાં ઉત્કૃષ્ઠ રીતે શિક્ષણનું સિંચન થાય તે હેતું થી શૈક્ષણિક પ્રવાસ કર્યો હતો.

## "કાંઈક આપવાનો આનંદ" ને સાર્થક કરતા બાલક્રિષ્ના વિદ્યાપીઠ પરિવાર-રાજુલા



બાલક્રિષ્ના વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ટ્રસ્ટીઓએ કોઈ પણ પ્રકારના દંભ કે દેખાવો કર્યા વગર જ રાજુલા ખાતે આવેલ પુંજાબાપા ગૌશાળા કે જેમાં બિમાર, અસહાય કે અશક્ત ગાયોની સારવાર અને માવજત કરવામાં આવે છે. ત્યાં તેમને આર્થિક દાન આપીને કાંઈક આપવાનો આનંદ ને સાચા અર્થમાં સાર્થક કર્યું હતું.


# રાજ માધવ, વસ્ત્રાલ સ્કૂલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન





# ડિવાઇન લાઇફ સ્કૂલ, વાસણા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરાયુ









વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# માતૃભાષા દિન




આજકાલ જેવો મોબાઈલ ચાલુ કરીએ અને વોટ્સ અપ ચાલુ કરીએ ત્યાં તો ૧૦૦, ૧૫૦, ૨૦૦ મેસેજ હોય "Happy chocolate day" "Happy teddy bear day" "Happy slap day" વગેરે આવા તો અનેક વિશેષ દિનની ઉજવણી થતી હોય છે. પહેલા આવા વિશેષ દિનની ઉજવણી માત્ર કોલેજોમાં જ થતી હતી. પરંતુ પ્રચાર પ્રસારનાં માધ્યમો વધવાથી નાના મોટા દરેક લોકો નાની મોટી દરેક માહિતીથી માહિતગાર થયા છે. સારી બાબત છે. સૌ આનંદ માણે. પણ આપણે આ આનંદની વચ્ચે ક્યારેક ખરેખર જે મહત્વના વિશેષ દિવસો યાદ રાખવાનાં હોય તે ભુલી જઈએ છીએ. ૧૫ ઓગષ્ટના વક્તવ્યમાં એક વરિષ્ઠ વ્યક્તિએ જણાવ્યું કે ૧૯૪૭, ૧૫ ઓગષ્ટના દિવસે જ્યારે દેશ આઝાદ થયો ત્યારે સમગ્ર દેશમાં દિવાળી જેવું વાતાવરણ છવાયુ હતું. રસ્તાઓ પર લોકોની ભીડ જામી હતી. આજના સમયમાં પણ રસ્તાઓ પર આવી ભીડ જોવા મળે છે. પરંતુ સ્વતંત્રદિન ના દિવસે નહીં. ૩૧ ડિસેમ્બરના દિવસે કેટલી કરૂણતા કહેવાય.

એ જ સંદર્ભ મા વાત કરૂ તો ચોકલેટ ડે, ટેડી ડે, સ્લેપ ડે વગેરેના મેસેજ વોટ્સ અપ પર જોવા મળે છે. પરંતુ ૨૧ ફેબ્રુઆરી માતૃભાષા દિન છે. એ આજની યુવા પેઢીના બહુ ઓછા લોકોને ખબર હોય છે. બાળક સૌ પ્રથમ કઈ ભાષા શીખે છે? અલબત, માતૃભાષા. તો માતૃભાષા દિન માત્ર એક દિવસ નહી પરંતુ દરરોજ હોય જ છે. આપણે માતૃભાષાને માન કેવી રીતે આપીશુ? તો સૌ પ્રથમ તો આપણે આપણી ભાષા પ્રત્યે અરૂચી ન દર્શાવીએ. બીજુ શુદ્ધ ઉચ્ચારણ સાથે માતૃભાષા બોલીએ અને લખીએ. અને ત્રીજી વાત માતૃભાષાનું સામાન્ય જ્ઞાન તો ધરાવીએ જ. આપણે જોઈએ છીએ કે વિદ્યાર્થીઓને ધોરણ ૧ થી ૯ સુધી તો દરેક વિષયનું મહત્વ હોય છે. પરંતુ જેવા દસમા ધોરણમાં આવે કે ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન વગેરે મુખ્ય વિષયો બની જાય છે. ગુજરાતી અને સંસ્કૃતનું મહત્વ ઓછુ થઈ જાય છે. વળી ધોરણ ૧૧, ૧૨ સાયન્સ, કોમર્સમા તો ભાષા બિચારી જુની પસ્તીની જેમ અભેરાઈ પર મુકાઈ જાય છે. પરંતુ યાદ રાખો, કોઈપણ વિષય ત્યારે જ સારી રીતે ભણી શકશો જો તમારૂ ભાષાનું જ્ઞાન સારૂ હશે. મારો કહેવાનો અર્થ એ નથી કે બધાજ કવિતાઓ અને સાહિત્ય જાણતા હોય. પરંતુ માતૃભાષા પ્રત્યે આદર રાખો અને તેને સમજો.

બીજી વાત કરૂ તો અંગ્રેજી માધ્યમમા ભણતા ગુજરાતી બાળકો અને તેઓની મમ્મીઓ પાસેથી સાંભળવા મળે છે. મને/મારા દિકરા/દિકરીને ગુજરાતી ફાવતુ જ નથી, આ વાત સાંભળી બહુ દુ:ખ લાગે છે. ઘણી વખત વિદ્યાર્થીઓ પણ ગુજરાતી ભાષાને બહુ મહત્વ આપતા નથી. આપણે ગુજરાતી માધ્યમમાં ભણીએ કે અંગ્રેજી માધ્યમમાં એ મહત્વનું નથી. પરંતુ ગુજરાતી હોવાથી ગુજરાતી તો સારી અને સાચી રીતે શીખવુ જ જોઈએ. ગુજરાતની બહારથી આવીને ગુજરાતમાં વસનારા અન્ય રાજ્યના લોકો ઘરમાં પોતાના પરિવારજનો સાથે તો તેઓની માતૃભાષામાં જ વાત કરે છે. કારણકે તેઓ પોતાની માતૃભાષાને ભુલવા નથી માંગતા.

આજકાલ અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકો અને મમ્મીઓ ભાષાની જબરી ખીચડી કરે છે. 'મમ્મી સ્ટમક દુખે છે. મમ્મી તુ સોચ તો!' 'બેટા, તુ ફાસ્ટ ફાસ્ટ તારૂ હોમવર્ક ફિનિશ કરીશ તો હુ તને ટુ ચોકલેટ આપીશ.' આ કઈ ભાષા કહેવી? બાળક નથી શુદ્ધ ગુજરાતી બોલતો, નથી શુદ્ધ હિન્દી બોલતો કે નથી શુદ્ધ અંગ્રેજી બોલતો. વાસ્તવિક રીતે પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં જ હોવું જોઈએ. કહેવાનુ તાત્પર્ય એ છે કે આપણે જે ભાષા બોલીએ તે શુદ્ધ બોલીએ.

પછી તે ગુજરાતી હોય, હિન્દી હોય કે અંગ્રેજી હોય! ઘણા વિદ્યાર્થીઓ તો ગુજરાતી માધ્યમમાં ભણતા હોવા છતાં સાચુ ગુજરાતી નથી લખી શકતા. આવુ એટલા માટે જ બને છે. કારણકે તેઓ ગુજરાતી વિષયને ગૌણ માને છે.

વિદ્યાર્થી મિત્રો આપણે ગુજરાતી છીએ ગુજરાતી સારૂ આવડતુ હશે તો જ અન્ય વિષયો સારી રીતે શીખી શકીશુ. ૨૧ ફેબ્રુઆરી, માતૃભાષા દિન નિમિત્તે હુ એટલુ જ કહેવા માંગુ છુ કે ગુજરાતી સારી રીતે બોલીએ અને ભણીએ. કારણકે ગુજરાતી આપણી માતૃભાષા છે. આપણે હિન્દી પણ સારી રીતે શીખીએ. કારણકે હિન્દી આપણી રાષ્ટ્રભાષા છે.

આપણે સંસ્કૃત પણ સારી રીતે શીખવી જોઈએ કારણકે સંસ્કૃત આપણી પ્રાચીન ભાષા છે. અને અંગ્રેજી ભાષા પ્રત્યે પણ અરૂચી ન ધરાવીએ કારણકે અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા છે. તો માતૃભાષા દિન નિમિત્તે આપણે સૌ સંકલ્પ કરીએ કે માતૃભાષાને માન આપીશુ અને અન્ય ભાષાને સારી રીતે સમજશુ અને શીખીશું.


**—જુલીબેન ભટ્ટ,**
લક્ષ્મણ જ્ઞાનપીઠ, સંસ્કારધામ, અમદાવાદ

# રમતાં, લડતાં, ચઢતાં, પડતાં બાળક બોલે બા, ગુર્જરજન ગુજરાતી બોલો, ગુજરાતી છે મા

**'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' જ્યાં માતૃભાષા ગુજરાતીમાં શિક્ષણ શા માટે? એનાં એક-બે નહીં પૂરાં એકવીસ કારણો આપે છે, જે ભાષાસજ્જતા, ભાષાસંવર્ધન, ભાષાસંરક્ષણ માટે કટિબદ્ધ છે**

એક ઘા ને બે કટકા ત્રણ, જાણવું હોય તો ગુજરાતી ભણ' જી હા, આજે સમગ્ર માહોલ એવો છે કે, રોજિંદા વ્યવહારમાં માતૃભાષા ગુજરાતીની જગ્યા અંગ્રેજીએ લીધી છે. બાળકોને અંગ્રેજી માધ્યમમાં શિક્ષણની ઘેલછા તથા રોજગાર અર્થે વિદેશ જવાની લ્હાયમાં માતૃભાષા ગુજરાતી કરતાં ડોલરીયા વહુ અંગ્રેજી ભાષા સૌની પ્રથમ પસંદગી બની છે. અહીં, અંગ્રેજી ભાષાની મહત્ત્વતા કે એનો વિરોધ કરવાની જરાય ઈચ્છા નથી, પણ જાણ્યે-અજાણ્યે આપણે આપણી માતૃભાષાનું ગૌરવ હણી રહ્યાં છીએ આની જવાબદારી કોની?

'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' આ જવાબદારી ઉપાડી રહ્યું છે. માતૃભાષાનું ગૌરવ જળવાય, માતૃભાષા ઉપેક્ષિત થતી અટકે અને અંગ્રેજી ભાષાના અતિરેકમાં ગૂંગળામણ ન અનુભવે તેવા શુભાશય સાથે સરખી વિચારધારા ધરાવતા માતૃભાષા ચાહકોને એક મંચ નીચે સંગઠીત કરવાનો વિચાર હર્ષદ પ્ર.શાહને આવ્યો અને બરાબર એક વર્ષ અગાઉ એની પ્રથમ કાર્યશાળા આયોજિત કરી. અત્યાર સુધી એની ૧૯ કાર્યશાળા વૈવિધ્યસભર ગુજરાતી ભાષાના સાધકોને તૈયાર કરવા યોજાઈ ગઈ.





'માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન' અંતર્ગત દર માસના બીજા અને ચોથા શનિવારે બાળ વિશ્વવિદ્યાલય ગાંધીનગર ખાતે ગુજરાતી ભાષાની કાર્યશાળાનું આયોજન થાય છે, જેમાં નિઃશુલ્ક ભાષાશિક્ષણના કાર્યક્રમો યોજવામાં આવે છે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનમાં સાત ન્યાસીઓ (ટ્રસ્ટીઓ) છે. ભાગ્યેશ જહા, હર્ષદ શાહ, પ્રવીણ વઘાસિયા, ગોપાલ માકડિયા, નારાયણ મેઘાણી, ડૉ. જય ઓઝા અને કિશોર જીકાદરા. આ ન્યાસ ભાષા સજ્જતા, ભાષા સંરક્ષણ અને ભાષા સંવર્ધન માટે કાર્ય કરે છે!

માતૃભાષા ગુજરાતી ભાષાની પ્રતિષ્ઠા, ગરિમા અને લોકભોગ્યત વધારવા સતત કાર્યક્રમ કરે છે. બાળકોમાં અને પૂર્વ પ્રાથમિક કક્ષાએથી વિદ્યાર્થીઓમાં માતૃભાષા ગુજરાતી પ્રત્યે પ્રેમ જાગે તે માટે પરિવારજનોને પ્રશિક્ષિત કરવાનું કામ કરે છે. પ્રાથમિક ધોરણોમાં ગુજરાતી ભાષા ભણાવતા શિક્ષકોનું સઘન પ્રશિક્ષણ કરાવે છે, જેથી શિક્ષકો સાચું ગુજરાતી ભણાવે તો આપોઆપ ગુજરાતી ભાષાની ગુણવત્તાનું સ્તર ઉંચું આવે. મહાવિદ્યાલયના પ્રાધ્યાપકો સહ અનુસ્નાતકની પદવી પ્રાપ્ત અધ્યાપકોને ગુજરાતી ભાષાનાં પ્રચાર પ્રસાર માટે તૈયાર કરવાનું કરે છે. આ કાર્યશાળામાં શ્રેષ્ઠ ગુજરાતી ભાષાવીદ્ ઉમાકાંન્ત રાજ્યગુરુ, જેઠાભાઈ પટેલ જોડણીવાળા, સહજ-સરળ ભાષામાં ગુજરાતી જોડણી અને વ્યાકરણ શીખવે છે!


સંપૂર્ણ વિશ્વ એ સ્વીકારે છે કે, બાળકોમાં ગુણ અને ક્ષમતાઓ વધુમાં વધુ માતૃભાષામાં શિક્ષણ આપવાથી જ શક્ય બને છે. યુનેસ્કોએ પણ આ તથ્ય પર સિક્કો લગાવતાં દર વર્ષે ૨૧મી ફેબ્રુઆરીને 'માતૃભાષા શિક્ષણ દિવસ' તરીકે ઉજવવાનો આગ્રહ કર્યો છે. માતા, માતૃભાષા અને માતૃભૂમિ એ ત્રણ કોઈપણ મનુષ્યના ભાવવિશ્વનો ત્રિવેણી સંગમ છે, એણે એનું ગૌરવ કરવું જ જોઈએ. આજે વિશ્વમાં ૬૯૦૯ ભાષાઓ જીવિત છે. જેમાંથી ૩૮૯ એટલે કે ૬૦ ટકા ભાષાઓ બોલવાવાળાની સંખ્યા ૧૦ લાખ કરતાં વધુ છે. વિશ્વની ૯૪ ટકા વ્યક્તિઓને કોઈને કોઈ રીતે એ ભાષા સ્પર્શે છે. બાકીની ૯૪ ટકા ભાષાઓ બાકીના ૬૦ ટકા લોકો દ્વારા બોલાય છે. વિશ્વની પ્રમુખ ભાષાઓ ચીની, સ્પેનિશ, અંગ્રેજી, એરેબિક, હિન્દી, બંગાળી, પોર્ટુગીઝ, રશિયન, જાપાનીઝ અને જર્મન છે. સંસ્કૃત ભાષા વિશ્વની પ્રાચીનતમ ભાષા છે અને તેમાંથી ૨૮૩ ભાષાઓ જન્મી છે, એમાં ગુજરાતી ભાષાનો ૬૪મો ક્રમ છે.

માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન ૬૪માં ક્રમની ગુજરાતી ભાષાને બચાવવા કાર્યરત છે અને એટલે પ્રતિવર્ષ એક શિક્ષક, એક વિદ્યાર્થી, એક કવિ, એક લેખક અને એક વિદ્યાલય એમ પ્રત્યેકને રૂા. ૧૧,૦૦૦ના પુરસ્કાર દ્વારા જાહેર સન્માનિત કરશે. આપણે આપણી ગુજરાતી ભાષાને સમૃદ્ધ બનાવવા જાગૃત થઈએ બાકી આ વ્યંગ પંક્તિ જેવું થતાં વાર નહીં લાગે, 'ગુજરાતી ઈન્ફેક્શન છે, અંગ્રેજીનું એટ્રેક્શન છે ઘર ઘરમાં એવી ફેશન છે, પતનની પોઝિશન છે.' **—સંજય થોરાત 'સ્વજન'**


## આપેલા ચિત્રમાં બતાવેલા પ્રમાણે રંગ પૂરો




## આપેલા અડધા ચિત્રને તેના બીજા ભાગ સાથે જોડો



## ઉંદરને ઘડિયાળ જોતા શિખવામાં તેની મદદ કરીએ અને સાચો સમય લખીએ




# રાજકીય કુવાનો વિવાહ!

**બાળ વાર્તા**

એક વાર રાજા કૃષ્ણદેવ રાય અને તેનાલીરામ વચ્ચે કોઈ વાતે વિવાદ થઈ ગયો. તેનાલીરામ રિસાઈને ચાલ્યા ગયા. આઠ-દસ દિવસ વિતી ગયા. રાજાનું મન ઉદાસ થઈ ગયું. રાજાએ તરત જ સેવકોને તેનાલીરામને શોધવા મોકલ્યા. સૈનિકોએ ઘણી શોધ કરી પરંતુ તેનાલીરામની ક્યાંય ભાળ મળી નહીં.

રાજા મૂંઝાઈ ગયા. પરંતુ રાજા પણ ઘણા ચતુર હતા. તેમણે હવે ચતુરાઈથી કામ લેવાનું નક્કી કર્યું. તેમને એક ઉપાય સૂજ્યો. તેમણે બધાં ગામોમાં ઢંઢેરો પીટાવ્યો કે રાજાએ પોતાના રાજકીય કુવાનો વિવાહ નિર્ધાર્યો છે. તો બધાં ગામોના મુખિયા પોતપોતાના કુવાઓને લઈને રાજધાની પહોંચે. જે વ્યક્તિ રાજાની આજ્ઞાનું પાલન નહીં કરે તેણે દંડ રૂપે એક હજાર સુવર્ણ મુદ્રાઓ આપવી પડશે.

આ ઢંઢેરો સાંભળીને સ્વાભાવિક જ બધા ચિંતામાં ગરકાવ થઈ ગયા. તેમને થયું કે રાજાને વળી આ શું સૂજ્યું? કુવાનો તો કંઈ વિવુહ હોય? અને તેમને કુવાનો વિવાહ કરવો હોય તો કરે પરંતુ અમને કુવા સાથે બોલાવવાની શી જરૂર? અમે કેવી રીતે અમારા કુવાને લઈને રાજધાની પહોંચીએ? કુવાને થોડો એક ગામેથી બીજા ગામે લઈ જઈ શકાય?

આ વાત તેનાલીરામ જે ગામમાં રહેતો હતો ત્યાં પણ ચિંતાનો વિષય બની હતી. ગામનો મુખિયા ચિંતામાં ડૂબેલો હતો. તેનાલીરામ સમજી ગયા કે તેને શોધવા માટે જ આવો ઢંઢેરો રાજાએ પીટાવ્યો છે. તેનાલીરામે મુખિયાને બોલાવીને કહ્યું, "મુખિયાજી, આપ ચિંતા ન કરો. આપે મને આ ગામમાં આશ્રય આપ્યો છે, આથી આપના ઉપકારનો બદલો હું જરૂર ચુકાવીશ. હું એક ઉપાય બતાવું છું. આપ આસપાસના મુખિયાઓને એકત્ર કરીને રાજધાનીની તરફ પ્રસ્થાન કરો."


સલાહ મુજબ, બધા મુખિયાઓએ રાજધાનીની તરફ વાજતેગાજતે પ્રસ્થાન કર્યું. તેનાલીરામ પણ તેમની સાથે ચાલી નીકળ્યા. રાજધાનીની બહાર જઈને એક જગ્યાએ તેઓ રોકાઈ ગયા. તેમાંથી એક દૂતને મુખિયાનો સંદેશો લઈને રાજાના દરબારમાં મોકલ્યો. તે દૂતે દરબારમાં જઈને તેનાલીરામે કહ્યા મુજબ સંદેશો કહ્યો, "મહારાજ! આપના રાજકીય કુવાના વિવાહમાં સામેલ થવા અમારા ગામના કુવાઓ આવ્યા છે અને તેમણે રાજધાનીની બહાર ધામા નાખ્યા છે. આપ કૃપયા કરીને રાજકીય કુવાને તેમની આગેવાની કરવા મોકલો જેથી અમારા ગામના કુવા સસન્માન દરબાર સમક્ષ હાજર થઈ શકે."

રાજાને દૂતની વાત સાંભળતા જ ખબર પડી ગઈ કે આ ઉપાય તેનાલીરામ સિવાય બીજા કોઈનો ન હોઈ શકે. રાજાએ પૂછ્યું, "સાચેસાચું કહે. તને આ ઉપાય કોણે સૂજાડ્યો છે? જો ખોટું બોલ્યો છે તો જેલમાં પુરાવી દઈશ."


દૂતે કહ્યું, "રાજન! અમારા ગામમાં એક પરદેશી આવીને રોકાયો છે. આ આગંતુકે જ અમને આ ઉપાય બતાવ્યો છે." રાજાને થયું કે આ આગંતુક તેનાલીરામ સિવાય બીજો કોઈ ન હોઈ શકે. તેઓ પોતે રથ પર બેસીને રાજધાનીની બહાર ગયા અને સસન્માન તેનાલીરામને દરબારમાં પાછા લાવ્યા. ગામના લોકોને પણ પુરસ્કાર આપીને વિદાય કર્યા.




## એક સરખાં બે ચિત્રોમાં દસ તફાવત છે તે શોધો





## કાંગારુને તેનું બચ્ચું શોધવામાં મદદ કરો



## ચિત્રની ગણતરી કરી આંકડા સાથે જોડો





## આપેલી ટોપીઓની ગણતરી કરી સાચી સંખ્યા લખો



# એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સઃ જન્મે અંગ્રેજી પણ કર્મે ગુજરાતી કેળવણીકાર



**પ્રવિણ કે. મકવાણા**
આચાર્ય, ભાવનગર



ગુજરાતના ઈતિહાસ અને સાહિત્યની સેવા કરી સવાયા જ નહિ પમ ગરવા ગુજરાતી એટલે ‘એલેકઝાન્ડર તિન્સોત ફોર્બ્સ’ કવિ દલપતરામ તેમને ‘ફાર્બસ સાહેબ’ કહીને બોલવતા હતાં. તેમને ગુજરાત અને ગુજરાતી ભાષા સાહિત્ય માટે પોતાનો પ્રાણ રેડીને કામ કરીને સવાયા ગુજરાતી બિરૂદ લોકોના દિલમાં પામ્યા છે.

આ ફાર્બસ સાહેબનો જન્મ લંડનમાં ૭-૭-૧૮૨૧માં થયો હતો. ઈ.સ. ૧૮૪૧-૪૨ના સમય દરમિયાન આઈ.સી.એસ.નો અભ્યાસ કરીને સિવિલ સર્વિસમાં જોડાયા. તેમણે ગુજરાતમાં ઈ.સ. ૧૮૪૬માં અમદાવાદ આવીને આસિસ્ટન્ટ જજ તરીકે નોકરીમાં જોડાયા હતાં. આ સમયગાળામાં તેમણે ગુજરાતનાં શિલ્પ, સ્થાપત્ય અને ઈતિહાસનો સારી રીતે અભ્યાસ કરી લીધો હતો. મોટાભાગનાં અંગ્રેજ અમલદારોએ અંગ્રેજી શિક્ષણ અને સાહિત્ય પર જ ભાર મૂક્યો હતો. ભારતમાં આવતા અંગ્રેજ આમલદારો માત્ર રાજ કરવા કે પોતે ધન કમાવવા માટે જ આવતા હતાં. આ બધામાં હિન્દુસ્તાનનાં લોકો, સંસ્કૃતિ, સાહિત્ય, ઈતિહાસ વગેરે સાથે ભળી જઈ એક બની જનારા ખરા ગુજરાતી એટલે ‘ફાર્બસ સાહેબ’ કવિ દલપતરામની સાથે ખભે ખભા મિલાવીને ગુર્જર સંસ્કૃતિના લોકસેવક બની ગયાં.

ફાર્બસ સાહેબે ‘ગ્રાન્ટ ડફ’ ‘મહારાષ્ટ્રનો ઈતિહાસ’, ‘કર્નલ ટોડે’, રાજસ્થાનનો ઈતિહાસ લખીને સમગ્ર દેશની અજોડ સાહિત્ય સેવા કરી છે. તેમણે૦ ‘રાસમાળા બે ભાગમાં અંગ્રેજી ભાષામાં લખીને ગુજરાતની એક સાંસ્કૃતિક એકમ તરીકે ઓળખ ઉભી કરી. ગુજરાતના કલા, સાહિત્ય અને શિક્ષણ માટે ગુજરાતને પોતાના દિલથી ચાહ્યું. ચાહના એક અંગ્રેજ તરીકે નહી પણ ઉત્તમ કેળવણીકાર તરીકે પણ કહી શકાય. આપણે શિક્ષણના નકારાત્મક પાસાઓ માટે જેટલા મેકોલેને યાદ કરીએ છીએ તેનાથી વિશેષ ફાર્બસ સાહેબને તેમના શિક્ષણ સુધારા અને સંસ્થાકિય પ્રદાન માટે યાદ કરીએ છીએ. તેમણે ૨૬-૧૨-૧૮૪૮માં સ્થાપેલી ‘ગુજરાત વર્નાક્યુલર સોસાયટી’ ની સ્થાપના કરી હતી. આ વર્નાક્યુલર સોસાયટી આજે ‘ગુજરાત વિદ્યાસભા’ નામે ઓળખાય છે. આ સંસ્થા દ્વારા પણ શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ થઈ રહી છે. મુંબઈ પ્રદેશમાં આ ગુજરાતની એક સાંસ્કૃતિક એકમ તરીકે ઓળખ ઉભી કરી હતી. ગુજરાત રાજ્યને એક અમલદાર તરીકે નહી પણ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રહરી તરીકે કાયમ યાદ કરીએ તેવા કામ કર્યા. ગુજરાત રાજ્યમે આધુનિક બનાવવા માટે સાચા હૃદયથી કામ કર્યું. તેમણે વર્તમાનપત્રનું પ્રકાશન, લાયબ્રેરીની સ્થાપના, ગુજરાતી કોશ માટે શબ્દ સંગ્રહ, હસ્તપ્રતોનો સંગ્રહ, શાળાઓની સ્થાપના, શાળાઓને ઉપયોગી સાહિત્ય અને પુસ્તકોનું પ્રકાશન, સાહિત્ય સભાઓનું આયોજન, વિદ્યાર્થીઓને પુસ્તકો અને શિષ્યવૃતિ, વિદ્યાર્થીઓને ગણવેશ સહાય અને ઈનામો આપવા વગેરે જેવા શ્રેષ્ઠ કાર્યો કરી ગુજરાતના ગરવા ગુજરાતી બન્યા હતાં. આજે ભદ્ર લાલ દરવાજા પાસે પ્રેમાભાઈ હોલ છે તે વર્નાક્યુલર સોસાયટીનું કાર્યાલય હતું. આજે તે ‘વિદ્યાસભા’ ની અનેક પ્રવૃત્તિઓનું કેન્દ્રસ્થાન છે. ફાર્બસ સાહેબ ગુજરાતી ભાષા કવિ શ્રી દલપતરામ પાસેથી શીખ્યા હતાં. બધાજ ભાષા-સાહિત્યના તેમજ શૈક્ષણિક કાર્યોમાં દલપતરામ પાસેથી માર્ગદર્શન અને પ્રેરણા મેળવતા હતાં. આજે ગુજરાતની શૈક્ષણિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની ઓગવી ઓળખ જે ઉભી થઈ છે તે સંસ્થાઓ વિદ્યાસભા અને વિદ્વાનોની દેણ છે. આ સંસ્થાઓ જેવી કે

(૧) રણછોડલાલ છોટાલાલ પ્રાથમિક કન્યા શાળા
(૨) રણછોડલાલ છોટાલાલ માધ્યમિક – ઉચ્ચતર કન્યા શાળા
(૩) શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
(૪) શ્રી બ્રહ્મચારીવાડી સંસ્કૃત પાઠ શાળા
(૫) શ્રી હરિવલ્લભદાસ કાળીદાસ આર્ટસ કોલેજ, કોમર્સ કોલેજ, બી.બી.એ.
(૬) ચીનુભાઈ ચીમનભાઈ સભાગૃહ

આ બધી સંસ્થાઓ દ્વારા અમદાવાદની શોભામાં જ નહી પણ શિક્ષણ અને સાંસ્કૃતિની ધરોહર બની રહી છે.

ફાર્બસ સાહેબ ગુજરાતના લોકોના આત્માને ઓળખી શકનાર પ્રહરી હતાં. લોકોના અજ્ઞાન, વહેમ, અંધશ્રદ્ધા, જડતાને જોઈને તેમનું હૃદય કકળી ઉઠતુ હતું. તેમને લાગ્યુ કે ગુજરાતના લોકોને ઈતિહાસ અને સંસ્કૃતિના ગૌરવની જાળવણી માટે કેળવણી આપવાનો શુભ ધ્યેય હૃદયમાં પડ્યો હતો. કેળવણીનો ઉદ્દેશ પાર પાડવા માટે ગુજરાતી ભાષા સાહિત્યનો ઉત્કર્ષ કરવો, સાંસ્કૃતિક અનેઐતિહાસિક જ્ઞાનનો પ્રચાર કરવો વગેરે મુખ્ય હતાં.

# મોરારજીભાઇ દેસાઇઃ માણસ જેનાથી કેળવાય તે કેળવણી



આજે કેળવણીક્ષેત્રે જે ઉણપો વરતાઈ રહી છે. તે આપણામાં તો નથી ને? તે આપણે જોતાં રહેવાનું છે. ‘જેનાથી માણસ કેળવાય તેનું નામ કેળવણી. માનવી પોતાની શક્તિઓને વ્યવસ્થિત રીતે જ્યાં સુધી કેળવે નહિ ત્યાં સુધી તે શક્તિનો દુરુપયોગ કરે છે. તે વિવેક શીખતો નથી. માણસમાં પણ સત્-અસત્ એમ બંન્ને પ્રકારની બુદ્ધિ હોય છે. ડાકુમાં પણ બુદ્ધિ હોય છે, પણ તે બુદ્ધિ કલ્યાણી નથી. ‘સદ્ બુદ્ધિ’ વ્યક્તિને પોતાને માટે તેમ જ સમાજ માટે શ્રેયસ્કર બને છે.

ગાંધીજી ભણવામાં સામાન્ય વિદ્યાર્થી હતા. બહુ તેજસ્વી નહિ, બહુ હિંમતવાન નહિ, ભેરુ હતા. આવા આપણા ગાંધી બાપુએ એની શક્તિઓનો સાચા માર્ગે વાળી વિકાસ કર્યો. માણસ અને પશુમાં ફેર એટલો જ છે. પશુ બીજાને મારે છે, કે કનડે છે. માણસ બુદ્ધિથી વિચાર કરે છે. કોઈને ભોગે મેળવેલું સુખ ટકતું નથી. સામર્થ્યનો સદુપયોગ કરતાં શીખવું જોઈએ ને તે કેળવણી મારફતે જ થઈ શકે છે. કેળવણી સારી મળી હોય તો રાજ્ય સારું ચાલે. વિદ્યાભ્યાસ દરમિયાન અને તે પછીના જીવન દરમિયાન પણ અવ્યવસ્થિત રીતે કામ કરતાં શીખેલું ભૂલી જવાય છે, જ્યારે વ્યવસ્થિત રીતે કામ કરતાં શક્તિનો વધારે લાભ વ્યક્તિને પોતાને અને બીજાને મળે છે. કેળવણીનો હેતુ માણસાઈ કેળવવાનો છે, નહિતર તો તે શ્રેયસ્કર નથી. પણ આ બધાનો દોષ અભ્યાસક્રમો અને શિક્ષણસંસ્થાઓ કરતાં કેળવણી લેનાર અને આપનારનો વધારે છે. મહાત્મા ગાંધીએ પણ આ દષ્ટિથી કેળવણી લીધી છે તેમને જે મળ્યું તેનાથી આખાય ભારતનું ઘડતર કરવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. તેમણે માટીમાંથી માણસો બનાવ્યા.

વિદ્યા લેનારાઓ અને વિદ્યા આપનારા બંન્ને એ આ વિચારવાની જરૂર છે. માત્ર કમાણીનો ધ્યેય રાખીશું તો સમાજ માટે ઉપયોગી થવાને બદલે આપણે ભારરૂપ બનીશું. જ્ઞાનનો ઉપયોગ સમાજના કલ્યાણ માટે છે. મહાત્મા ગાંધીજીએ રાષ્ટ્રીય કેળવણી આપી. તેમણે આજ હેતુથી વિદ્યાપીઠ સ્થાપી. નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોળી વગેરે મહાનુભાવોએ પણ આ ઉદ્દેશથી સંસ્થાઓ ચલાવીને પાયાની કેળવણી આપી. માણસ નમ્રતાથી પોતાની જાતને ઓળખતો થાય તે કેળવણીનો હેતુ છે. માણસ જેમ કચરો સાફ કરી ઘર ચોખ્ખુ રાખે છે તેમ માણસે દોષોરૂપી કચરાને સાફ કરવા મહેનત કરવી પડે છે. માણસ શ્રમ વિના સારો પણ ન થાય અને મજબૂત પણ બનતો નથી. શ્રમ વગર માણસ જીવી પણ શકતો નથી. શિક્ષણ સંસ્થાઓમાં જો શ્રમ દ્વારા વિદ્યાર્થીઓનું ઘડતર થાય તો આગળ જતાં તે દેશનો ઉત્તમ નાગરિક બનીને આ સમાજ અને રાષ્ટ્ર પ્રત્યેનો પોતાનો ધર્મ અસરકારક રીતે નિભાવી શકે છે. આજે સમાજમાં મૂલ્યોનું પણ પરિવર્તન આવી રહ્યું છે. પણ બધા જ પરિવર્તનો મૂલ્યોને અનુરૂપ નથી હોતા. જે પરિવર્તન સનાતન મૂલ્યોને અનુરૂપ હોય તે પરિવર્તનથી આપણને સમાજને, અને જગતને ફાયદો થાય છે.

વિજ્ઞાન આપણને ઉત્પાદક અને વિનાશક એમ બે પ્રકારની શક્તિ આપે છે. જો વિજ્ઞાન ધર્મનો સાથ ન આપે તો વિનાશક બને. આપણું જીવન ઉચ્ચ રસોથી ભરપૂર બને તથા ઉર્ધ્વ ગતિ મળે તો આપણે ઉત્થાન પામીએ. આપણે આપણું ઉત્થાન કર્યા સિવાય બીજાનું ઉત્થાન નહિ કરી શકીએ. સમાજમાં બીજાને થતું નુકશાન અટકાવવા પોતે નુકશાન ભોગવે. બીજાને સગવડ આપવા પોતે અગવડ વેઠે. જગતમાં પોતાને બીજા કરતાં વધુ સારો દેખાડવા માટેની અદેખાઈ છે. આપણે ભોગો પાછળ વગર વિચાર્યે ઘસડાઈ જતાં હોઈએ છીએ. ‘ત્યાગ કરીને ભોગવવું’ આ તાલીમ આપણી કેળવણીમાંથી મળવી જોઈએ. સંસ્થામાં ભણીને વિદ્યાર્થી જાય ત્યારે તેને નિર્ભયતાનું ભાથુ મળવું જોઈએ.

મોરારજીભાઈ દેસાઈના મતે માણસપોતાની શક્તિઓનો સદુપયોગ કરી, સમાજનું હિત વિચારે તો તે કેળવાયેલો કહેવાય.

## પહેલા પાનાનું અનુસંધાન

### પબજી પર પ્રતિબંધ

ઈન્ટરનેટ, વૉટ્સઍપ અને પબજીની પરિવારના લોકો પર અને સામાજિક સંબંધોમાં પણ ખરાબ અસર પડી રહી છે. આજકાલ, ભોજન વખતે કે કોઈ મહેમાન આવ્યું હોય ત્યારે આપણે લોકોને તેમના મોબાઈલમાં વ્યસ્ત જોઈ શકીએ છીએ. તેઓ એકબીજા સાથે વાતચીત કરતા નથી. તેઓ એકબીજા સાથે જીવનના સારા અને ખરાબ અનુભવોને વહેંચતા નથી. તાજેતરમાં મહાન ગાયિકા આશા ભોસલેએ ટ્વિટર પર એક તસવીર મૂકી હતી. તેમાં આશાજી સિવાય જાણીતા ગાયક સુદેશ ભોસલે અને અન્ય લોકો મોબાઈલમાં વ્યસ્ત દેખાય છે. આશાજીએ લખ્યું, “આટલી સારી સંગત છે છતાં કોઈની સાથે વાત કરી શકાય તેમ નથી.” આવું દુઃખ માત્ર ઘરડા લોકો જ નથી અનુભવતા પરંતુ ડાહ્યા અને નિસબત ધરાવતા લોકોને પણ લાગી રહ્યું છે.

ટીવી, ઈન્ટરનેટ, સૉશિયલ મિડિયા અને ગેમિંગની આપણા જીવન પર અત્યંત પ્રતિકૂળ અસરો પડી રહી છે. હવે બાળક તેના પોતાના જ સગા ભાઈ કે બહેન સાથે પોતાની ચીજને વહેંચવા નથી માગતું. તે જુએ છે કે તેની માતા તેના પિતાને પોતાનો ફૉન વાપરવાની ના પાડે છે તો પછી બાળક પણ તેના ભાઈબહેનને પોતાની ચીજ નહીં જ આપે કારણકે બાળક તો તેની માતા કે પિતામાંથી જ શીખવાનું છે. માતાપિતાના ફૉનમાં પાસવર્ડ કે પેટર્ન સુરક્ષા માટે હોઈ શકે પરંતુ બાળક તે સમજતું નથી. આથી જ્યારે તમે તેને ફૉન આપો ત્યારે તે પણ પાસવર્ડ નાખી દે છે. જો માતાપિતાને તે પાસવર્ડ આપે તો સારી વાત, નહીંતર માતાપિતાને ખબર નથી પડતી કે ફૉન દ્વારા તે શું કરી રહ્યું છે? આથી પહેલી વાત તો એ જ છે કે કે બાળકને તેનો પોતાનો સ્માર્ટ ફૉન ન આપો. તેના માટે તેને સમજાવો કે શા માટે તેના માટે આ ફૉન હિતાવહ નથી. તે ૧૮ વર્ષનું ન થાય ત્યાં સુધી તેને પોતાનો સ્માર્ટ ફૉન ન આપો.. પરંતુ માનો કે તે જીદ પકડે તો તેને તમારો ફૉન આપો પરંતુ તે બહુ થોડા સમય માટે. તે પણ તમારી નજર હેઠળ જ.

આનું કારણ છે કે દરેક ચીજ તેની મર્યાદામાં થાય તે સારું રહે છે. સંસ્કૃતમાં કહેવત છે કે અતિ સર્વત્ર વર્જ્યતે. મીઠાઈ હોય કે તીખી વાનગી, જો કોઈ પણ ચીજ મર્યાદા બહાર ખાવ તો તેની હાનિકારક અસર થવાની જ છે. આથી જ વિડિયો ગેમિંગ હોય કે સૉશિયલ મિડિયા જોવાનું હોય, માતાપિતાએ બાળક માટે કડક થવું જ પડશે.

# પીડીસીએલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આલ્ફા કોલેજ ચેમ્પિયન બની



પીડીપીયુ ગાંધીનગર ખાતે પંડિત દિન દયાલ કોર્પોરેટ લીગમાં આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીની ટીમ ચેમ્પિયન બની છે. કડીની સર્વ વિદ્યાલયની ટીમ સામેની ફાઈનલમાં આલ્ફા કોલેજની ટીમે ટોસ જીતીને પહેલી બેટિંગ કરતાં ૯ વિકેટ સાથે ૧૧૭ રન બનાવ્યા હતાં. આલ્ફા કોલે ની ટીમે કડી સર્વ વિદ્યાલયની ટીમને ૪૨ રનમાં ઓલઆઉટ કરી દીધી હતી. આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરીંગની ટીમનો સાહિલ શેઠ મેન ઓફ ધ મેચ અને મેન ઓફ ધ સીરિઝ બન્યો હતો.

# સ્ટેટ ગર્લ્સ ટેકવાન્ડો ટુર્ના.માં સિટીને ૧૬ ગોલ્ડ સહિત કુલ ૪૫ મેડલ



હાલમાં શાહીબાગ ખાતે યોજાયેલી સ્ટેટ ગર્લ્સ ટેકવાન્ડો ટુર્નામેન્ટમાં સિટીની ટેકવાન્ડો ફેડરેશન ઓફ ગુજરાતની ટીમે ૧૬ ગોલ્ડ, ૧૨ સિલ્વર અને ૧૬ બ્રોન્ઝ સહિત કુલ ૪૫ મેડલ મેળવ્યા છે. ટેકવાન્ડો એસોસીએશન ઓફ અમદાવાદ દ્વારા યોજાયેલી આ ગર્લ્સ ટેકવાન્ડો ટુર્નામેન્ટમાં ગુજરાત સ્ટેટમાંથી ૨૫૨ છોકરીઓએ ભાગ લીધો હતો. ટેકવાન્ડો ફેડરેશન ઓફ ગુજરાતની ટીમે આ ટુર્નામેન્ટમાં અદ્દભુત પ્રદર્શન કરીને કુલ ૪૫ મેડલ મેળવ્યા હતા. આ ટુર્નામેન્ટમાં ટીમની જીલ, પ્રિયશ્વી, દેવ્યાણી, વેદિકા, મનિષા, ત્વેષા, ક્રિષ્ના, ઉમા, ભાવિકા, ભુમિ, હેતાંશી, મિત્યા, શ્રેયા ધ્યાની, કુંજ, નિકિતાએ ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. સિલ્વર મેડલ દિવ્યા, હેત્વી, પ્રિશા, અન્નુઅલ, જયશ્રી, કોમલ, અલકનંદા, ભુમિ, ચાર્મી, ક્રિષા, રુત્વા, માહી, વિભુતિ, નિધિ, અનુ અને ચેસ્ટાએ મેળવ્યો છે.

## ખેલો ઇન્ડિયા ફાઇનલ ટ્રાયલમાં સિટીની રાજવીની પસંદગીથઈ



ખેલો ઇન્ડિયા અંતર્ગત બાસ્કેટ બોલના ફાઇનલ ટ્રાયલ્સમાં માઉન્ટ કાર્મેલ સ્કૂલમાં અભ્યાસ કરતી રાજવી દેસાઈની પસંદગી કરવામાં અવી છે. ખેલો ઇન્ડિયા સ્કીમમાં ગુજરાતની એકમાત્ર ખેલાડીની પસંદગી કરવામાં આવી છે. રાજવીએ હાલ સુધીમાં છ નેશનલ રમી છે. રાજવીએ નવી દિલ્હી ખાતે ટ્રાયલ્સ પણ આપી હતી.

## ક્રિષા ટેનિસ સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટમાં વિજેતા

હાલમાં સિટીની આઇસા ટેનિસ એકેડેમી ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ રેન્કિંગ ટુર્નામેન્ટ ગર્લ્સ અન્ડર ૧૨ની કેટેગરીમાં ક્રિષા દલાલ વિજેતા બની છે. ક્રિષાએ ફાઈનલમાં પાલ ઉપાધ્યાયને ૬-૧, ૬-૨થી હરાવી હતી. સેમિફાઇનલ મેચમાં ક્રિષાએ પીયા મિસ્ત્રીને ૮-૨થી હરાવી ફાઇનલમાં પ્રવેશી હતી.

## દેવેશ ગુપ્તા ગુજરાત ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં વિજેતા

હાલમાં સિટીમાં યોજાયેલી અન્ડર ૧૦ ગુજરાત ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં સિટીનો દેવેશ ગુપ્તા વિજેતા બન્યો છે. દિલ્હી પબ્લિક સ્કૂલમાં અભ્યાસ કરતાં દેવેશે ફાઇનલમાં સુરજપાલ સિંહને ૭-૫થી હરાવીને ચેમ્પિયન બન્યો હતો. જ્યારે સેમિફાઇનલમાં એકાગ્રને ૭-૨થી હરાવી ફાઇનલમાં પ્રવેશ્યો છે. દેવેશનું આ પહેલું ટાઈટલ છે.

## વિધી જાની ગર્લ્સ અન્ડર ૧૮ ટેનિસ ચેમ્પિયનશિપમાં ચેમ્પિયન



અમદાવાદ ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ એકેડેમી ખાતે યોજાયેલી ગર્લ્સ અન્ડર ૧૮ ચેમ્પિયનશિપ સીરિઝ ટુર્નામેન્ટમાં સિટીની વિધી જાની વિજેતા બની છે. ૧૫ વર્ષની વિધિ જાનીએ ફાઇનલમાં મહારાષ્ટ્રની સનિકા કાંબલીને ૬-૪, ૬-૨થી હરાવી હતી. વિધિએ સેમિફાઇનલમાં દિવ્યા ભાર્દવાજને ૯-૪થી હરાવી હતી. જ્યારે ક્વાર્ટર ફાઇનલમાં અસ્મી વધાવા ૯-૬થી વિજેતા બની સેમિફાઇનલમાં પ્રવેશી હતી.

# રાજ્યકક્ષાની ચેસ ટુર્નામેન્ટ માટે જલ્પન, નૈતિક, ધ્યાના અને શાહિલની પસંદગી



### રાજ્યકક્ષાની ચેસ ટુર્નામેન્ટ આગામી દિવસોમાં નિકોલ સ્પોર્ટ્સ હોસ્ટેલ ખાતે યોજાશ

અમદાવાદના રાઈફલ ક્લબ ખાતે યોજાયેલી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ સિનિયર સિલેકશન ફોર સ્ટેટ ચેમ્પિયનશિપ ટુર્નામેન્ટમાંથી રાજ્યકક્ષાની ટુર્નામેન્ટ માટે જલ્પન ભટ્ટ, નૈતિક મહેતા, ધ્યાના પટેલ અને શાહિલ શેખની પસંદગી કરવામાં આવી છે. રાજ્યકક્ષાની ચેસ ટુર્નામેન્ટ આગામી દિવસોમાં નિકોલ સ્પોર્ટ્સ હોસ્ટેલ ખાતે યોજાશે. ચેસ ન્યૂ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ એસોસીએશનની આ સ્પર્ધામાં જલ્પન ભટ્ટ, નૈતિક મહેતા અને ધ્યાના પટેલ ૪.૫ પોઈન્ટ સાથે અનુક્રમે એક થી ત્રણમાં આવ્યા છે. ચોથા ક્રમે શાહિલ શેખ ૪ પોઈન્ટ સાથે આવ્યો હતો. આ ટુર્નામેન્ટમાં પી.એમ. ચોહાણ, વિશાલ વાલા, અશ્વિન ચૌહાણ અને કર્તવ્ય અનડકટ ૩.૫ પોઈન્ટ સાથે અનુક્રમે પાંચ થી આઠમાં ક્રમે આવ્યા હતા. પ્રથમ ચાર ખેલાડી આગામી દિવસોમાં યોજાનારી રાજ્યકક્ષાની સ્પર્ધામાં રમશે.


# દૈવી પ્રેમનાં પ્રતીક રાધા-કૃષ્ણ



દૈવી, નિસ્વાર્થ અને અલૌકિક પ્રેમનું પ્રતિક એટલે વિશ્વભરમાં પ્રિય રાધા-કૃષ્ણ. હિન્દુ ધર્મમાં રાધા-કૃષ્ણ એ દરેક ધર્મના લોકોના ચહિતા અને માનીતા ભગવાન છે. જોકે, લોકો તેમને ભગવાન કરતા વધારે શ્રીકૃષ્ણની લીલાઓ, રાધા સાથેનો કૃષ્ણનો પ્રેમ અને તે જમાનામાં સદીઓ પહેલા માનવીને આપેલા તેમના કર્મના સિદ્ધાંત માટે વધારે માને છે. શ્રીકૃષ્ણએ રાધાને પ્રેમ કર્યો, પણ લગ્ન રૂકમણી સાથે કર્યા હતા અને કહેવાય છે કે તેમને ૧૦૮ રાણીઓ હતી. પણ તેમનો સદૈવ અમર પ્રેમ તો રાધારાણી સાથે જ હતો. ક્યારેય શ્રીકૃષ્ણનું નામ રૂકમણી સાથે નથી લેવાતું. આપણે તેમનું નામ હંમેશાં રાધે-કૃષ્ણ બોલીને જ યાદ કરીએ છીએ. પૂજા કે ભક્તિમાં પણ તેમનું નામ આ જ બોલાય છે. તેમાંય રાધાનું નામ પહેલા આવે છે. કૃષ્ણ-રાણે એમ નથી બોલતા. તેનું કારણ રાધાનો કૃષ્ણ પ્રત્યેનો અલૌકિક પ્રેમ હતો, દુન્યવી ન હતો. તેમને ક્યારેય જુદા કલ્પી જ ન શકાય. રાધા તો કૃષ્ણની બાંસુરીની દીવાની હતી. વનમાં જ્યારે કૃષ્ણ બાંસુરી વગાડતા તો વનરાવનમાં રાધા જ્યાં હોય ત્યાંથી દોડી આવતી અને બંને એકબીજાના પ્રેમ અને સંગીતમાં ખોવાઈ જતા. કૃષ્ણ ગોવાળીયો હતો, નટખટ નંદલાલ હતો, ગોપીઓનો ચહિતો અને તેમની મટકીમાંથી ચોરીને માખણ ખાતો માખણચોર હતો. સામે રાધા ગોપીઓથી ઘેરાયેલા કાનના પ્રેમમાં દીવાની એક અલૌકિક દેવી હતી, જેને કૃષ્ણના સાંનિધ્યમાં રહીને જ જીવવું હતું. કૃષ્ણ જ્યારે જીવનના કર્મને ન્યાય આપવા ગોકુળ છોડીને પાંડવો પાસે ગયા, મામા કંસનો વિધ્વંશ કરવા ગયા, મહાભારતનું યુદ્ધ કર્યું તે પહેલા રાધા પાસેથી છેલ્લી વિદાય લેવા ગયેલા અને પોતે હવે તેને મળી શકશે નહીં એવું કહ્યું ત્યારે રાધા દુઃખી તો થઈ પણ તેનો પ્રેમ નિઃસ્વાર્થ હતો આથી તેણે કોઈપણ જાતની ફરિયાદ કર્યા વગર કૃષ્ણને પોતાનાથી દૂર જવાની રજા આપી અને આખું જીવન કૃષ્ણના પ્રેમને પોતાના દિલમાં રાખીને જ જીવી. કૃષ્ણને પ્રેમ કરવા તેને કૃષ્ણના દૈહિક અવતારની જરૂર ન હતી. કૃષ્ણના દિલમાં પણ રાધા હંમેશાં રહી હતી, તેનાથી વિખૂટા પડ્યા પછી પણ. રાધાનો જન્મ પૃથ્વી પર ૫૦૦૦ વર્ષ પહેલાં થયો હતો અને તેના જન્મદિવસને લોકો 'રાધા અષ્ટમી' તરીકે ઉજવે છે. ઉત્તરપ્રદેશમાં આવેલા વૃંદાવન નજીક બરસાના ગામ રાધાનું જન્મસ્થળ છે, જ્યાં આજે પણ ગોવાળીયાઓના ઘરની મહિલાઓ ગોપી બનીને રાધા-કૃષ્ણની સાથે નાચતી હોય તેમ તેના જન્મદિવસ પર નૃત્ય કરે છે. રાધા-કૃષ્ણના દૈવી પ્રેમ નૃત્યને આપણે રાસ-લીલા કહીયે છીએ.

પ્રેમના પર્વ વેલેન્ટાઇન ડેએ રાધા-કૃષ્ણના પ્રેમને યાદ ન કરીએ તો આ દિવસ તેના વગર અધૂરો ગણાય.

# ઐતિહાસિક અને અમર પ્રેમકથા પૃથ્વીરાજ-સંયુક્તાની



પૃથ્વીરાજ ચૌહાણ-સંયુક્તાની ઐતિહાસિક પ્રેમકથા બહુ જાણીતી છે. તે બહુ ટ્રેજિક રોમાંસ હતો. ૧૨મી સદીમાં રાજા પૃથ્વીરાજની યાદગાર પ્રેમકથાને તેના દરબારના કવિ ચાંદ બરદાઈએ તેની કવિતા પૃથ્વીરાજ રાસોમાં લખી હતી. પૃ થ્વીરાજ ગુજરાતમાં જન્મ્યા હતા અને અજમેરના રાજા હતા. દિલ્હીમાં ઈસ્લામિક શાસન આવ્યું તે પહેલા છેલ્લા રાજા તરીકે પૃથ્વીરાજે દિલ્હીમાં રાજ કર્યું હતું. બુદ્ધિશાળી નેતા તરીકે ચૌહાણે કેટલાયે પાડોશી હિન્દુ રાજાઓને હરાવ્યા હતા, જેમાં બહુ નોંધપાત્ર રાજ્ય હતું ચંદેલા. તેની આ જીતની કથા કન્નૌજના રાજા જયચંદની પુત્રી સંયોગિતાના કાને પડી. તે તેની અજોડ સુંદરતા માટે જાણીતી હતી. તે આ જીતની કથાઓ સાંભળીને પૃથ્વીરાજના પ્રેમમાં પડી ગઇ. તેને હવે કોઈ ઈચ્છા ન હતી, ફક્ત પૃથ્વીરાજને મેળવવાની એક જ ઈચ્છા હતી. પૃથ્વીરાજ પણ સંયુક્તાની સુંદરતાના પ્રેમી હતા. તે પછી બંને પ્રેમમાં પડ્યા. બંનેએ એકબીજાના પેઈન્ટિંગ્સમાં એકબીજાના ચહેરા જોયા અને બંને લગ્ન કરે તે પહેલાં જ બંને રાજ્યોના શાસક વચ્ચે દુશ્મનાવટ થઇ ગઇ. આથી રાજા જયચંદે પૃથ્વીરાજનું અપમાન કરવા સંયુક્તાના લગ્ન બીજા રાજા સાથે કરવાનું નક્કી કરીને તેનો સ્વયંવર રચ્યો અને પૃથ્વીરાજનું ક્લેનું પૂતળું બનાવીને તેને દ્વારપાલ તરીકે ઊભું રાખી દીધું. પણ સંયુક્તાએ બધા જ રાજાઓ અને રાજકુમારો પાસેથી પાસર થઈને તેમની અવગણના કરી ને પૃથ્વીરાજના પૂતળાને વરમાળા પહેરાવી, જ્યાં પૃથ્વીરાજ પૂતળાની પાછળ સંતાઇને ઊભો હતો. પછી પૃથ્વીરાજ સંયુક્તાને પોતાના હાથમાં ઉંચકીને દિલ્હી પોતાના રાજ્યમાં લઇ ગયો. તે પછી પૃથ્વીરાજે ઘણા રાજાઓને હરાવ્યા અને રાજ કર્યું. પૃથ્વીરાજ અને સંયુક્તાની પ્રેમકથા ઈતિહાસમાં એક દંતકથા બની ગઇ અને આજે પણ તેમને યાદ કરાય છે. આમ, આ એક દુઃખદ રીતે બનેલી પણ સફળ પ્રેમકથા તો હતી જ.

# 'ધી ઓપન પેજ'ના એજ્યુકેટર્સ એવોર્ડમાં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોને ઉમદા કાર્ય માટે સન્માનિત કરાયા

ધી ઓપન પેજ'ના પાંચમા એજ્યુકેટર્સ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ બીજી ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ શંકુઝ ડિવાઇન ચાઇલ્ડ સ્કૂલ ખાતે યોજાઇ ગયો. તેને ભારે સફળતા મળી હતી. છ અનુભવી લોકોનું સન્માન કરવામાં આવ્યું અને અલગ-અલગ શ્રેણીઓમાં ૧૨ એવોર્ડ આપવામાં આવ્યા હતા. શિક્ષણના અલગ-અલગ ક્ષેત્રોમાં એજ્યુકેટર્સ એવોર્ડના નવ માશલચીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૮ વર્ષની આ યાત્રામાં શિક્ષણના વિવિધ પાસામાં શિક્ષણવિદ્દો દ્વારા હાથ ધરવામાં આવેલું કુશળ કામ પ્રકાશમાં આવ્યું. આ શિક્ષણવિદ્દો જેઓ ગુણવત્તા સુધારવા નિ:સ્વાર્થ રીતે અથક કામ કરી રહ્યા છે તેમની કદર નહોતી થતી કે પ્રોત્સાહિત કરાતા નહોતા. આ વર્ષે એવોર્ડની યજમાન શાળા શંકુઝ ડિવાઇન ચાઇલ્ડ સ્કૂલ હતી. તે મહેસાણા ખાતે સુવિખ્યાત શિક્ષણ સંસ્થા છે. પરિવર્તન પાછળનો વિચાર એ છે કે આ એવોર્ડ લોકપ્રિય બને અને વધુ અને વધુ શિક્ષણવિદ્દો નામાંકન કરવા પ્રેરાય અને તેમનું કામ દર્શાવે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી ગૌરીશંકર ગુપ્તા, ભારતના પૂર્વ ઉચ્ચાયુક્ત હતા અને આંતરરાષ્ટ્રીય સન્માનીય અતિથિ શ્રી બર્નાર્ડ ઓંગ હતા, જેઓ સિંગાપોર ખાતે મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઇન્સ્ટિટ્યૂટના નિર્દેશક છે. તેમની આ એનજીઓ યુવાન મેનેજરોના શૈક્ષણિક અને વ્યાવસાયિક વિકાસમાં વિશેષતા ધરાવે છે. આ કાર્યક્રમમાં કેટલાક વિશેષ અતિથિઓ પણ હતા- સત્વ વિકાસ સ્કૂલના અધ્યક્ષ શ્રી રાજા પાઠક, માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડના પૂર્વ અધ્યક્ષ શ્રી હસમુખ હિંગુ, ડિવાઇન ચાઇલ્ડ ગ્રૂપ ઓફ સ્કૂલ્સનાં સ્થાપક શ્રીમતી આનંદીબહેન ચૌધરી, શંકુઝ ડિવાઇન ચાઇલ્ડ સ્કૂલના નિર્દેશક શ્રી કે.એમ. ચેરિયન, વાઇબ્રન્ટ એકેડેમી, સુરતના અધ્યક્ષ તથા ઓલ ગુજરાત સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ્સના પ્રમુખ શ્રી દીપક રાજગુરુ ઉપસ્થિત રહ્યા હતા.

બાળકોના સમાચારપત્ર 'ધી ઓપન પેજ'ના ચીફ એડિટર શ્રી અર્ચિત ભટ્ટે 'ધી ઓપન પેજ'ના એવોર્ડની યાત્રા ટૂંકમાં વર્ણવી અને શિક્ષણવિદ્દોના સન્માનનું મહત્વ પણ સુંદર રીતે સમજાવ્યું. તેમણે કહ્યું કે અમે એવા અનુભવી લોકોનું સન્માન કરીએ છીએ જેમણે શિક્ષણના ક્ષેત્રમાં સમાજની સેવા માટે જીવન સમર્પિત કર્યું છે અને નિ:સ્વાર્થ રીતે સેવા કરી છે. આ વર્ષે છ અનુભવીઓને એવોર્ડથી સન્માનિત કરાયા.

### શ્રી લાભુભાઇ પી. ભટ્ટ (દાદાજી)ની સ્મૃતિમાં વેટરન એવોર્ડ નીચેના મહાનુભાવોને અપાયા

૧. શ્રીમતી આનંદીબહેન ચૌધરી
૨. શ્રીમતી પેરિન એફ. લાલકાકા
૩. ડો. સોમાભાઇ પટેલ
૪. શ્રી મનુભાઇ પટેલ
૫. શ્રી મેઘરાજ જે. ભટ્ટ
૬. શ્રી ગોરધનભાઇ સી. પટેલ




### અલગ-અલગ શ્રેણીઓમાં વિજેતા

૧. પ્રિ સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રીમતી ભાવના પંડિત, અમદાવાદ**
૨. એલિમેન્ટરી - સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી ગોપાલકૃષ્ણ પટેલ, ગોધરા અને શ્રી ભાવેશકુમાર મહેતા, સોમનાથ**
૩. સેકન્ડરી સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી અરવિંદકુમાર પટેલ, મહીસાગર**
૪. ડિપ્લોમા, સિનિયર સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી જી.બી. મકવાણા બોટાદ**
૫. પ્રિન્સિપાલ ઓફ ધ યર એવોર્ડ (એલિમેન્ટરી) **શ્રી પ્રવીણભાઇ રેઠલિયા, સુરેન્દ્રનગર**
૬. પ્રિન્સિપાલ ઓફ ધ યર એવોર્ડ (સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી) - **શ્રીમતી વર્ષાબહેન ખખ્ખર, અમરેલી**
૭. ટીચર્સ એજ્યુકેટર એવોર્ડ - **ડો. હીરલ બારોટ, વડોદરા**
૮. સોશિયલ સર્વિસ (એજ્યુકેશનલ) એવોર્ડ - **શ્રી બિભૂતિ બિશ્વાલ, નવસારી**
૯. એજ્યુકેટર (સ્પેશિયલ એજ્યુકેશન) એવોર્ડ - **સુશ્રી દીના ભટ્ટ, રાજકોટ**
૧૦. પેરન્ટ ઓફ ધ યર એવોર્ડ - **શ્રીમતી પૂજા પટેલ, ભાવનગર**
૧૧. સ્કૂલ મેનેજમેન્ટ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી લાલજીભાઇ નકુમ, સુરત**
૧૨. સંસ્કૃત પાઠશાળા એજ્યુકેટર એવોર્ડ - **શ્રી જગદીશભાઇ ડાભી, જૂનાગઢ**

પાંચમાં એજ્યુકેટર્સ એવોર્ડમાં અલગ-અલગ શ્રેણીમાં અમને કુલ ૨૧૮ વ્યક્તિઓ તરફથી નામાંકન મળ્યું હતું. છેલ્લા પાંચ વર્ષમાં અમને અત્યાર સુધીમાં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી અલગ-અલગ શ્રેણીઓમાં કુલ ૧૪૩૭ લોકોનું નામાંકન મળ્યું છે. દરેક શ્રેણીમાં ઉમેદવારોની યાદી ચકાસણી કરીને તેમાંથી ટૂંકી યાદી બનાવાય છે. એવોર્ડ



સમારોહની સવારે આ અંતિમ પસંદ કરાયેલા લોકોને કાર્યક્રમમાં બોલાવાય છે. તેમણે પોતાના વિશે રજૂઆત કરવાની હોય છે. નિર્ણાયક સભ્યોની એક ટુકડી હોય છે. દરેક શ્રેણી દીઠ ત્રણ નિર્ણાયકો હોય છે. આ નિર્ણાયકોમાં પ્રસિદ્ધ અને અનુભવી શિક્ષણવિદ્દો હોય છે. તેઓ વિજેતાને તેમની રજૂઆત અને ઇન્ટરવ્યૂના આધારે નક્કી કરે છે. આ વર્ષે નિર્ણાયકોની શ્રેણીમાં લગભગ ૯૫ ઉમેદવારોએ ભાગ લીધો હતો, જે કાર્યક્રમના દિવસે સવારે યોજાયો હતો. નિર્ણાયકોના રાઉન્ડ પછી વિજેતાઓ ઘોષિત કરાયા હતા.

તમામ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર સાથે કદરના પ્રતીક રૂપે રૂા. ૧૧,૦૦૦નું રોકડ ઇનામ આપવામાં આવ્યું. રોકડ ઇનામ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા દાન કરાયુ હતું. આ સમારોહના મુખ્ય અતિથિ શ્રી ગૌરીશંકર ગુપ્તાએ સમારોહાં ઉદ્બોધન કરતાં વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણના મહત્વ અંગે વાત કરી હતી અને બાળકના સંપૂર્ણ વિકાસમાં મહત્વનું યોગદાન આપતી આપણી પ્રાચીન ગુરુકુળ પરંપરા લુપ્ત થઈ હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આંતરરાષ્ટ્રીય સન્માનનીય અતિથિ શ્રી બર્નાર્ડ ઓંગે ભારતમાં શિક્ષણના મૂલ્યની પ્રશંસા કરી હતી. તેમણે સિંગાપોરમાં ચાલી રહેલા શૈક્ષણિક પ્રવાહો વિશે માહિતી આપી હતી. શ્રી રાજા પાઠકે અલગ-અલગ શ્રેણીમાં શિક્ષણવિદ્દોનું સન્માન કરવાના ઉમદા કાર્ય પાછળ 'ધી ઓપન પેજ'ના કઠોર પરિશ્રમની સરાહના કરી હતી. શ્રી કે. એમ. ચેરિયને શિક્ષણને સહાય કરવાના સારા કાર્ય સાથે પોતે જોડાયેલા હોવા અંગે સન્માનની અનુભૂતિ વ્યક્ત કરી હતી 'ધી ઓપન પેજ'ના સીઇઓ શ્રીમતી નિપા શુકલએ આ સમારોહને સફળ બનાવવામાં સહભાગી એવા તમામનો અભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે 'ધી ઓપન પેજ'ની ટીમ યજમાન શાળા- શંકુઝ ડિવાઇન ચાઇલ્ડ સ્કૂલ, તેના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, કોઓર્ડિનેટર, શિક્ષકો, વિદ્યાર્થીઓ, આ કાર્યક્રમના મુખ્ય પ્રાયોજક બુક બઝાર.કોમ હતા. રોકડ ઇનામના દાતા- ત્રિપદા પરિવાર, મિડિયાના પ્રતિનિધિઓ, કાર્યક્રમને સહયોગ આપનાર અથવા તેમાં હાજર રહેનાર અલગ-અલગ શાળાના મેનેજમેન્ટનો પણ આભાર માને છે.




RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open Page: 4th Floor, Vishwa Arcade, Nr. Akhbarnagar, Opp. Kum-kum Party Plot, Nirnaynagar, Ahmedabad. Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210